## (B - 28) તાહરી અજબ શી જોગની

(નિરખી શાંતિજિણંદ ભવિકજન હરખો રે–રાગ)

તાહરી અજબ શી જોગની મુદ્રારે, લાગે મુને મીઠી રે;
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે.

લોકોત્તરથી જોગની મુદ્રા,
વાલ્હા મારા, નિરુપમ આસન સોહે;
સરસ રચિત શુક્લધ્યાનની ધારે,
સુરનરનાં મન મોહે રે.....લાગે૦ ૧

અષ્ટભૂમિ રતનસિંહાસન બેસી,
વાલ્હા મારા, ચિહું દિશે ચામર ઢોળે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે....લાગે૦ ૨

અમૃત ઝરણી મીઠી તુજ વાણી,
વાલ્હા મારા, જેમ અષાઢો ગાજે;
કાન મારગ થઈ હિયડે પેસી,
સંદેહ મનના ભાજે રે.....લાગે૦ ૩

કોડી ગમે ઊભા દરબારે,
વાલ્હા મારા, જય મંગળ સુર બોલે;
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે;
દીસે ઈમ તરણા તોલે રે......લાગે૦ ૪

ભેદ લહું નહિં જોગ જુગતિનો,
વાલ્હા મારા, સીમંધરજિનજી બતાવો;
પ્રેમ શું સેવક કહે કરુણા,
મુજ મન મંદિર આવો રે....લાગે૦ ૫